**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૫/૮/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૨૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ અને ૨૨ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૧,૩૮,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ** **સમાચાર યાદી નં.૧૭૩૦/૧૫**

**સાબરમતી :** ધર્મેન્દ્રભા નબશીભાઇ પરમાર (રહે.વિજળી કર્મચારી સોસાયટી, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૮/૧૫ બપોરનાં ૩/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી, રામનગર ખાતે આવેલ એચ.એચ.પટેલ સ્કુલ નજીકથી પોતાના પુત્ર નિખિલ (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :** **સમાચાર યાદી નં.૧૭૩૧/૧૫**

**ગુજરાત યુનિવર્સીટી :** ડૉ.મુકેશ વિનયકાંત શાહ (ઉ.વ.૫૮)(રહે.આતિથ્ય ફ્લેટ, પટેલ સોસાયટી, ગુલબાઇ ટેકરા, પંચવટી આંબાવાડી) એ તા.૨૪/૮/૧૫ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૦ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રમોદભાઇ સી. પટેલ (રહે.ગુરૂકૃપા, ડ્રાઇવઇન સીનેમા પાછળ, થલતેજ (૨) ગૌતમભાઇ પરષોત્તમભાઇ પટેલ (રહે.પંચશીલ ટાવર, મેમનગર) (૩) કિશન બેચરભાઇ પટેલ (રહે.ઇલોરાપાર્ક, જૈન દેરાસર સામે, નારણપુરા) (૪)કેતનભાઇ હર્ષદભાઇ પટેલ (રહે.મંગલભુવન એપાર્ટમેન્ટ, સનવીલા રો હાઉસની પાછળ, મેમનગર) ભેગામળી ડૉ.મુકેશને વિશ્વાસમાં લઇ, દેવકીનંદન એશોશીયેશનની જમીનનાં વેચાણ પેટે કુલ રૂપિયા ૧૭,૧૮,૩૨૯/- તેમજ ભંડારામાં દાનપેટે રૂપિયા ૬,૦૦,૦૦૦/- અપાવી કુલ રૂપિયા ૨૩,૧૮,૩૨૯/- મેળવી લઇ, જમીનનો કબ્જો નહીં આપી, ડૉ.મુકેશ સાથે વિશ્વાસઘાત ને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :** **સમાચાર યાદી નં.૧૭૩૨/૧૫**

**પાલડી :** ધર્મેશભાઇ ધનવીપ્રસાદ નાણાવટી (રહે.સમસ્ત બ્રહ્મક્ષત્રીય સોસાયટી, અંજલી ચાર રસ્તા, ચંદ્રનગર) એ તા.૨૪/૮/૧૫ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૮/૧૫ નાં કલાક ૭/૦૦ થી તા.૨૩/૮/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગોહીલ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૩૩/૧૫**

**સોલા હાઇકોર્ટ :** વિનુભાઇ ત્રિકમભાઇ (રહે.સહજાનંદ સોસાયટી, સ્વામીનારાયણ ભાગ, ગામ: પોર, તા.જી.ગાંધીનગર) એ તા.૧૨/૮/૧૫ રાતના ૧૧/૦૦ વાગે ગોતા ગામ, હનુમાનજીનાં મંદિર પાછળ આવેલ ગોડાઉન નજીક પોતાની પીકઅપ ગાડી નંબર જીજે ૧ સી.યુ.૧૦૬૭ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૮/૧૫ નાં કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિનુભાઇએ તા.૨૪/૮/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયા:-** **સમાચાર યાદી નં.૧૭૩૪/૧૫**

**ઘાટલોડીયા :** અમિતાબહેન નિલેશભાઇ જોષી (ઉ.વ.૫૦)(રહે, અર્જુન ટાવર, પાયલ પાર્ટી પ્લોટ સામે, ઘાટલોડીયા) તા.૨૩/૮/૧૫ ના કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે ઘાટલોડીયા, અર્જુન ટાવર રોડ, ગાયત્રી એપાર્ટમેન્ટમાં આવેલ આનન ડેકોરેશન નામની દુકાન આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષનાં આશરાનાં) અમિતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અમિતાબહેન જોષીએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૩૫/૧૫**

**સરખેજ :** ગુલામમહંમદ જાનમહંમદ શેખ (ઉ.વ.૪૦)(રહે.ચાંદશહીદની દરગાહ સામે, લાલ દરવાજા) તા.૧૯/૮/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સરખેજ રેલવે સ્ટેશન સામે આવેલ કર્ણાવતી દાબેલી સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા ઓટોરીક્ષાનાં ચાલકે, ઓટોરીક્ષા પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, ગુલામમહંમદને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૮/૧૫ નાં કલાક ૦૦/૩૦ વાગે ગુલામમહંમદનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ધાંધલ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કાગડાપીઠ :** દલપતસિંહ માનસિંહ ઠાકોર (રહે,ધનલક્ષ્મી સોસાયટી, સ્વપ્ન સંકેતની પાછળ, વટવા) એ એલ.જી.હોસ્પીટલ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૮/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે ઘર નજીક રહેતાં પોતાના મિત્ર ચેતનભાઇ દશરથભાઇ કોષ્ટી (ઉ.વ.૨૫) નાં મોટર સાયકલ પાછળ બેસી ઢોરબજારથી મંગલપાર્ક સોસાયટી નજીક રોડ પરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન આગળ ચાલતી ટાટા કંપનીની ટેમ્પો નંબર જીજે.૦૧.બી.વી.૨૮૭૫ નાં ચાલકે ટેમ્પો પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, ટેમ્પાનો પાછળનો દરવાજો ખુલી જતાં, ચેતનભાઇને દરવાજો વાગતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે બંનેને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ ચેતનભાઇને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૩૬/૧૫</u>**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** તા.૨૪/૮/૧૫ સવારના ૧૧/૫૫ વાગ્યાનાં સુમારે નહેરૂબ્રીજ નીચે સાબરમતી નદીમાં એક અજાણ્યો પુરૂષ (૫૫ થી ૬૦ વર્ષના આશરાનો) ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઇ વજસીભાઇ ચલાવે છે.

**શહેરકોટડા :** પ્રિતીબહેન લલીતકુમાર જૈસ્વાલ (ઉ.વ.૧૪)(રહે.લક્ષ્મીપુરાની ચાલી, વિજયમીલ સામે, નરોડા રોડ) એ મમ્મીએ ટી.વી.જોવા બાબતે ભાઇ સાથે ઝઘડો કરવાની ના પાડતાં, મનમાં લાગી આવતાં તા.૨૩/૮/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે, કેરોસીન છાંટી, સળગી જતાં, સારવાર અર્થે પ્રિતીબહેનને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૮/૧૫ નાં કલાક ૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ મસઇ.શ્રી જયદિપસિંહ બળવંતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)